GJGS020039842024

સત્યમેવ જયતે

અરજી પ્રાપ્તિ તારીખ : ૨૧/૧૦/૨૦૨૪
અરજી દાખલ તારીખ : ૨૧/૧૦/૨૦૨૪
અરજી નિર્ણય તારીખ : ૧૨/૦૬/૨૦૨૬
સમયગાળો : ૦૧–વર્ષ, ૦૭–માસ, ૨૨–દિવસ

================================================================

**મહે.વેરાવળનાં એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વેરાવળ.**

================================================================

**ફોજદારી પરચુરણ અરજી નં. ૭૧૬/૨૦૨૪**
**આંક :–**

(૧) શબનમ ડો./ઓ. સલીમશા બાનવા,
વા./ઓ. અફજલશા રફાઈ,
ઉ.વ.આ.૨૫, ધંધો : ઘરકામ,
ઠે. સરકારી હોસ્પીટલની સામે,
રામ મંદિર પાસે, મફતીયાપરા રહેવાસી,
વેરાવળ, જી. ગીર સોમનાથ.
મો.નં.૯૯૦૪૪૪૮૪૭૧

(૨) સગીર આસીફા ડો./ઓ. અફજલશા રફાઈ,
ઉ.વ.આ.૨, ધંધો: કાઈ નહી,
નં. ૨ ના સગીરના વાલી ઈષ્ટમિત્ર
દરજ્જે અરજદાર નં. ૧ માતા. **....અરજદાર**

**–:: વિરૂધ્ધ ::–**

(૧) અફજલશા મહમદશા રફાઈ,
ઉ.વ.આ. ૩૦, ધંધો : કડીયાકામ તથા કોન્ટ્રાકટર
(૨) મહમંદશા સિકંદરશા રફાઈ,
ઉ.વ.આ.૬૦, ધંધો : કડીયાકામ કોન્ટ્રાકટર
(૩) રસીદાબેન વા./ઓ. મહંમદશા રફાઈ,
ઉ.વ.આ.૫૫, ધંધો : ઘરકામ,

(૪) રાહીલ મહંમદશા રફાઈ,
ઉ.વ.આ.૨૮, ધંધો : કડીયાકામ,
અરજદાર નં. ૧ થી ૪ ના ઠે. પાણીના ટાકા પાસે,
લીલાપીરની દરગાહ પાસે, રહે. કોડીનાર,
જી. ગીર સોમનાથ. **....સામાવાળા**

---

અરજદાર તરફે :વિ.વ.શ્રી એ.પી.ચોમલ
સામાવાળા તરફે :વિ.વ.શ્રી બી.એમ.સુમરા

---

**બાબત :– ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૨ હેઠળ અરજી.**

**–:: ઠ રા વ ::–**

**(૧) અરજદારની અરજીની ટુંકમાં વિગત :–**

અરજદારની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના સામાવાળા નં. ૧ ના અરજદારના પતિ થાય છે અરજદાર નં. ૧ ના નિકાહ આ કામના સામાવાળા નં. ૧ સાથે તેઓની જ્ઞાતિના રીત રીવાજ મુજબ તા.૦૪/૦૭/૨૦૨૧ ના રોજ વેરાવળ મુકામે સમુહ શાદીમાં થયેલ, આ કામના સામાવાળા નં. ૧ અરજદારના કાયદેસરના પત્ની થાય છે તેમજ અરજદાર નં. ૨ સામાવાળા નં. ૧ ના પુત્રી થાય છે તેમજ સામાવાળા નં ૨ તથા ૩ ના અરજદારના સસરા સાસુ થાય છે, સામાવાળા નં. ૪ અરજદાર નં. ૧ ના સગા દિયર થાય છે અરજદાર નં. ૧ ના નિકાહ કરી સામાવાળા નં. ૧ થી ૪ નાઓ અરજદાર નં. ૧ નીને સંયુકત પરિવારમાં રહેવા માટે સામાવાળાઓના ઘરે તેડી ગયેલ, ત્યા અરજદારને સમુહ નિકાહ સાહદી માથી કર કરિયાવર સોના ચાંદીના દરદાગીના જેમા ઘરની તમામ પ્રકારની સામગ્રી તેમજ અરજદાર નં. ૧ નીને તેમના માવતર તરફથી વીસ જોડી કપડા આવેલ તથા સામાવાળાને સોનાની વીટી આપેલ જે તમામ ચીજવસ્તુઓ લઈ અરજદાર સામાવાળા નં. ૧ સાથે નિકાહ સાહદી લગન ઘર સંસાર ચલાવવા માટે આવેલ ત્યા સામાવાળાઓએ અરજદાર નં. ૧ નીને થોડો સમય સારી રીતે રાખેલ આ

કામના સામાવાળા નં. ૧ કડીયા કામકાજથી પાછા ફરતા દારુ પીધેલી હાલતમાં ઘરે આવી અરજદારને ભુંડી ગાળો મા બેનમા આપતા અને સામાવાળાને દારુ નહી પીવાનુ સમજાવતા અને શારીરિક મારકુટ કરેલ અને માનસીક દુ:ખત્રાસ આપેલ. અરજદારના નિકાહ થોડા મહિના વીતેલા ત્યારબાદ અરજાદરની માસીના દિકરીના લગ્ન પ્રસંગે વેરાવળ મુકામે આવેલ તે સમયે સામાવાળા નં. ૧ દારુ પીધેલ હાલતમાં તેઓને ગાડી મોટર સાયકલ ઉપર લેવા આવેલ તે સમયે તેઓનું અકસ્માત થાય તે રીતે મોટર સાયકલ ચલાવેલ અને તેઓનું એકસીડન્ટ થતા તેઓ બચી ગયેલ, અરજદાર નં ૧ નીએ આ બનાવ સમયે સામાવાળા નં. ૨ સસરા તથા સામાવાળા નં. ૩ સાસુને વાતચીત કરેલ અને આ કામના સામાવાળા નં. ૨–૩ નાઓએ અરજદારને કહેલ કે તારો પતિ દારુ પિવાની ટેવ વાળો છે તારે રહેવુ હોય તો રહેજે અને તેઓને માવરતે મુકી આવ તેવુ જણાવેલ. અરજદારના સાસરીમાં તેઓને થોડો સમય સારી રીતે રાખેલ ત્યારબાદ અરજદારને રસોઈ બબાબતે અને કામબાજ બાબતે મેણાટોણા મારતા અને કહેતા કે તને રસોઈ બનાવતા આવડતી નથી ઘરનું કામકાજ કરતા આવડતુ નથી તુ મેન્ટલ છે તુ તારા માવતરના ઘરેથી કાઈ કર કરીયાવર લાવેલ નથી તુ ભુખેલ ઘરની દીકરી છો એટલે તારા મા બાપે તારા નિકાહ સમુહ સાદીમાં કરાવેલ છે તેવુ કહી સામાવાળા નં. ૨, ૩ નાઓ સંભરામણી કરતા અને કહેતા મારી દિકરી તો બહુ જ હોશીયાર છે આમ કહી અરજદારને મેણાટોણા મારતા અને અરજદારને માનસિક દુ:ખત્રાસ આપતા તેમ છતા અરજદારને સામાવાળા નં. ૧ તેઓના પતિની સાથે રહી ઘર સંસાર ચલાવતા અને અરજદાર મુંગે મોઢે સહન કરતા. અરજદારને સામાવાળા નં. ૧ સાથે લગ્ન સંસારથી સારા દિવસો રહેલ તે દરમિયાન પણ સામાવાળા નં. ૧ દારુ પી અરજદાર સાથે મારકુટ કરતા અને અરજદારના માવતર ના લોકો અરજદારને તેમના ઘરે ખોડો ભરીને તેડી ગયેલ ત્યારબાદ આ કામના સામાવાળા અરજદારની તબીયત બાબતે કોઈ ખબર અંતર પુછેલ નહી કે તેઓની સાર સંભાળ કે દવા દારુ કરાવેલ નહી. અરજદારને ઓપરેશનથી દિકરીનો જન્મ થયેલ તે બાબતના સમાચાર સામાવાળાઓને જણાવેલ ત્યારબાદ થોડા સમય પછી સામાવાળાના પક્ષના

ત્રણ જણ આવેલ અને અરજદારનું તેડુ કરેલ ત્યારબાદ તેઓને થોડા દિવસ સારી રીતે રાખેલ અને સામાવાળા નં. ૧ દારુ પીને આવતા તે બાબતે સામાવાળા નં. ૩ ને કહેતા તો સામાવાળા નં. ૩ તથા સામાવાળા નં. ૪ નાઓ તેઓને ધાક ધમકી કહેતા કે સામાવાળા નં. ૧ દારુ પી ને આવશે તારે રહેવુ હોય તો રહે તેવુ કહેતા. અરજદારની નણંદ અમદાવાદથી વેરાવળ મુકામે આવતી ત્યારે સામાવાળા નં. ૧ નાને ચઢામણી કરાવતી કે આને સાથે તલાકનામુ છુટાછેડા કરી દેવાય અને અરજદારને કામકાજ બાબતે મેણાટોણા મારતા. થોડા સમય પછી તેઓના સાસુ અરજદારને કહેવા લાગેલ કે તુ મને જોઈતી નથી અને તમે અલગ રહેવા જતા રહો અરજદારને તથા તેઓના સગીર પુત્રી આસીફાને બાજુમા આવેલ ઝુંપડા જેવુ ઘર હતુ જેમા બારી, દરવાજા કે બાથરુમ કે પાણીની વ્યવસ્થા ન હતી તેવા ઘરમાં તેઓની સગીર દીકરી સાથે રાખતા અને આ કામના સામવાળા નં. ૧ સાસરી વાળા ઘરમાં ખુશીથી રહેતા અને સામવાળા નં. ૨ થી ૪ નાઓની ચઢામણીથી સામાવાળા નં. ૧ દારુ પીને અરજદારને માનસિક દુ:ખત્રાસ આપતા અને ભુંડી ગાળો આપતા. આ કામના સામાવાળાએ વિના વાંકે અરજદારોનો ત્યાગ કરેલ છે અને સામાવાળાઓ અરજદારોનો ત્યાગ કર્યા બાદ આજદિન સુધી તેડવા માટેના કોઈ પ્રયત્ન કરેલ નથી કે ભરણપોષણ દવાદારુની કે કપડા લત્તાની કોઈ વ્યવસ્થા કરેલ નથી. આ કામના સામાવાળાએ અરજદારની ખોરાકી પોષાકીની કોઈ વ્યવસ્થા કરેલ નથી તેમજ દવા કે રહેણાંકની કોઈ વ્યવસ્થા કરેલ નથી. જેથી આ અરજી કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

આ કામના સામાવાળા નં. ૧ શરીરે સશકત અને મજબુત નિરોગી છે અને કોડીનાર મુકામે ઘરના મકાન આવેલ છે અને કોડીનાર મુકામે છુટક કડીયા કામ કરી મહિને રૂા.૩૦,૦૦૦/- જેટલી આવક મેળવે છે તેમજ બાંધકામનું કોન્ટ્રાકટ રાખી માસિક રૂા.૧,૦૦,૦૦૦/- થી રૂા.૨,૫૦,૦૦૦/- જેટલુ કમાય છે, સામાવાળા નં. ૧ ને અરજદારો સીવાય અન્ય કોઈના ભરણપોષણની કોઈપણ જવાબદારી નથી. આ કામના સામાવાળા નં ૨ મહિને રૂા.૩૦,૦૦૦/- જેટલુ કમાય છે. સામાવાળા નં. ૪ કડીયા કામ

કરે છે તથા રાજકોટ મુકામે નોકરી કરી માસિક રૂા.૨૦,૦૦૦/– જેટલુ કમાય છે. અરજદારના સાસરીના ઘરની બાજુમા ખેતીની જમીન આવેલી છે જે ભાગ્યામાં આપે છે જેની ઉપજમાંથી વાર્ષીક આવક રૂા.૫,૦૦,૦૦૦/– કમાય છે. અરજદાર કશુ કામ ધંધો કરતા નથી તેમજ મોંઘવારીના સમયમાં અરજદાર નં.૧ ને રૂા.૧૦,૦૦૦/– ભરણ પોષણ માટે જરૂરીયાત છે તેમજ અરજદાર નં ૨. ને રૂા.૫૦૦૦/– ભરણપોષણની જરૂરીયાત છે અને મકાન ભાડા માટે માસિક રૂા.૫૦૦૦/– ની જરૂરીયાત ઉભી થાય છે જેથી માસિક રૂા.૨૦,૦૦૦/– અરજદારને સામાવાળા નં. ૧ સહેલાયથી ચુકવી શકે તેમ સક્ષમ છે. તેઓએ દાદ માગેલ કે, (૧) ધી પ્રોટેકશન ઓફ વુમન વાયોલેશન એકટ ૨૦૦૫ ની કલમ ૧૨ તથાં ૧૮ અન્વયે સામાવાળાને ડોમેસ્ટીક વાયોલેશન કરતા અટકાવવાનો ન્યાયી હુકમ ફરમાવવા તથા કલમ ૧૮ (ડી) હેઠળ સામાવાળા અરજદાર કે તેમના સમાજના આગેવાનો કે કોઈ સગા, સંબંધીને તાર ટપાલ કે ટેલીફોન વડે કે રૂબરૂ માં કે અન્ય કોઈ રીતે તેમના ઉપર દબાણ કરવા સંર્પક કરે નહી તેવો હુકમ ફરમાવવા તેમજ (૨) કાયદાની કલમ ૧૯(૨) હેઠળ સામાવાળાઓ ઉપર જરૂરી શરતો ફરમાવવા તથા ૧૯(૩) હેઠળ સામાવાળાને જામીન તથા જાતમુચરકો આપવાનું ફરમાન કરવા તેમજ (૩) કાયદાકીય કલમ–૧૯(૮) હેઠળ અરજદારના સ્ત્રીધનના ઘરેણા દાગીના સામાવાળાના કબજામાંથી અરજદારને સત્વરે પરત કરે તેવો ન્યાયિક હુકમ સામાવાળા વિરુધ્ધ ફરમાવવા તેમજ (૪) કાયદાની કલમ ૨૦(ડી) હેઠળ અરજદારોને તેમના પોતાના માટે સ્ટાન્ડર્ડ ઓફ લીવીંગ અનુસાર પ્રતિમાસ રૂ.૨૦,૦૦૦ /– અંકે રૂપીયા વીસ હજાર પુરાની આર્થીક સહાય (મોનેટરી રીલીફ) આ કામના સામાવાળા આ અરજીની દાખલ તારીખથી પ્રતિમાસ ચુકવતા રહે તેવો ન્યાયીક હુકમ સામાવાળા વિરુધ્ધ ફરમાવવા તેમજ (૫) કાયદાની કલમ–૨૨ હેઠળ અરજદારોને ઈજા, માનસીક, વ્યથા, યાતના દુઃખ તથા લાગણી ઘવાળવાથી થયેલ માનસીક નુકશાનના વળતરરૂપે આ કામના સામાવાળાઓ અરજદારને રૂા.૪,૦૦,૦૦૦/– રોકડા ચુકવી આપે તેવો ન્યાયિક હુકમ સામાવાળાઓ વિરુધ્ધ ફરમાવવા તેમજ (૬) અરજદાર વસવાટ માટે મકાન ભાડે રાખવુ પડે તેમ હોવાથી તેના ભાડાની રકમ પ્રતિમાસ રૂા.૫૦૦૦/– આ કામના સામાવાળા અરજદારને ચુકવી આપે તેવો ન્યાયિક કલમ–(એફ) હેઠળ સામાવાળાઓ વિરુધ્ધ ફમાવવા અરજ કરેલ (૬) કાયદો એટલે ધી પ્રોટેકશન ઓફ

વુમન ફોર ડોમેસ્ટીક વાયોલેશન એકટ ૨૦૦૫ ના પ્રબંધો પ્રમાણે મળવાપાત્ર અન્ય તમામ દાદ તથા દાદો અપાવવા તેમજ (૭) આ અરજીનું તમામ ખર્ચ અરજદારોને સામાવાળાઓ પાસેથી અપાવવા અરજ કરેલ.

(૨) અરજદારની સદરહુ અરજી દાખલ કરી સામાવાળાને નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવતા, સામાવાળા તેઓના વિદ્ધવાન વ.શ્રી મારફતે નામ. કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. તેઓએ અરજદારની અરજી અંગે કોઈ વાંધા જવાબ રજુ કરેલ નથી.

(૩) અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

***<u>મૌખિક પુરાવો :–</u>***

(૧) આંક :૧૯ થી અરજદાર શબનમ ડો./ઓ. સલીમશા બાનવા વા./ઓ. અફજલશા મહમદશા રફાઈનું સરતપાસ સોગંદનામું.

***<u>દસ્તાવેજી પુરાવો :–</u>***

(૧) આંક–૨૪ થી અરજદાર નં. ૧ નાએ લીધેલ દવાનું બીલ પ્રિસ્કીપ્શન
(૨) આંક–૨૫ થી લેબોરેટરીનું બીલ તથા રીપોર્ટસ
(૩) આંક–૨૬ થી લેબોરેટરીનો રીપોર્ટ

આ સિવાય અરજદાર તરફે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આંક–૨૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૪) ત્યારબાદ આ કામે સામાવાળા તરફે કોઈ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ ન હોય પુરાવાનો હકક બંધ કરવામા આવેલ.

(૫) અરજદાર તરફે વિ.વ.શ્રી એ.પી.ચોમલની લંબાણપુર્વકની દલીલો

સાંભળી. જયારે સામાવાળા તરફે કોઈ હાજર ન હોય તેઓની દલીલનો હકક બંધ કરવામાં આવેલ.

(૬) આ કામમાં આખરી નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, આ કામના સામાવાળાએ અરજદાર વિરૂઘ્ધ કૌટુંબિક હિંસાનું કૃત્ય કરેલ છે?

(૨) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ અરજીના પેરા-૨૨ મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૩) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) '' હકારમાં ''

(૨) અંશત: હકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર ૧ તથા ૨ :-**

(૮) આ કામે અરજદારે તેઓના આંક-૧૯ વાળા સરતપાસના સોગંદનામામાં આંક-૦૧ વાળી અરજીને સમર્થનકારી પુરાવો આપેલ છે અને પોતાની આંક-૦૧ વાળી અરજીમાં જણાવેલ હકીકતો જ જણાવેલ હોય જેથી તેનું પુનરાવર્તન ટાળવા વિગતવાર હકીકતો જણાવેલ નથી. જયારે આ કામના અરજદારની સામાવાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓ ધોરણ દશ સુધી ભણેલ છે, તેઓ કાંઈ શોખ ધરાવતી નથી. તેઓએ સ્વીકારેલ છે કે, સીવણકામ, ભરતકામ, મહેંદીકામ તેઓ કરે છે,

આ કામના સામાવાળા અફઝલભાઈ સાથે તેઓને ત્રણ વર્ષ પહેલા લગ્ન થયેલા, તેઓના લગ્ન સમુહ લગ્નમાં થયેલા હતા, કોઈપણ વ્યકતી ગરીબ હોય તે સમુહ લગ્નમાં લગ્ન કરે, વેરાવળના ફકીર સમાજના સમુહ લગ્નમાં તેઓના લગ્ન થયેલા, ગુજરાત સરકાર તરફથી મા વાત્સ્ય કાર્ડ તથા મા અમૃતમ કાર્ડ તરફથી મેડીકલ સારવારો પુરી પાડવામાં આવે છે, સરકારી હોસ્પીટલોમાં વીનામુલ્યે સારવારો પ્રાપ્ત થાય છે, તેઓના લગ્ન બાદ તેઓ અરણેજ ગામે સામાવાળા સાથે રહેવા ગયેલી. સામાવાળા સાથે તેઓ અરણેજ મુકામે રહેવા ગયેલી ત્યારે તેને બે ચાર મકાન હતા. મુસ્લીમ સમાજના રીતરીવાજ મુજબ લગ્ન બાદ સાસરીયામાંથી માવતરમાં દર શુક્રવારે જતા હોય છે. મુસ્લીમ સમાજના રીતરીવાજ મુજબ પ્રથમ ડીલેવરી તેના માવતરે કરવામાં આવતી હોય છે. તેઓની ડીલેવરી તેમના માવતરે થયેલ હતી. તેમના પતિ ઉપર કોઇ દારુનો કેસ થયેલ હોય તેવો કોઇ આધાર પુરાવા તેઓએ આ કામે રજુ કરેલ નથી. આ કામના સામાવાળા સામે ભરણપોષણ મેળવવા માટે નામદાર વેરાવળની ફેમેલી કોર્ટમાં પણ અરજી દાખલ કરેલ છે. તેઓ તેમના માવતરે ત્રણ વર્ષથી છે. તેઓએ હાલની જે અરજી કરેલી છે તે તેઓએ વાંચેલી છે. હાલની અરજી કરેલી છે તે તા.૧૬/૧૨/૨૦૨૫ ના રોજ કરેલી, હાલની તેઓએ અરજી કરેલી છે તે ત્રણ વર્ષ બાદ દાખલ કરેલ છે તેઓ સામાવાળા સાથે ઘર સંસાર ચલાવવા માટે તૈયાર છે. આ કામના સામાવાળા ગઈ મુદતે તેઓને તેડવા માટે આવ્યા હતા. ગત વખતની જુબાની બાદ સામાવાળા સાથે સમાધાન કરેલ ત્યારે સામાવાળાએ તેઓને તેમના કહેવા મુજબ મોબાઈલ પણ ખરીદ કરીને આપેલ હતો. તેઓ જણાવે છે તેમ સામાવાળા ધ્વારા તેઓને માથામાં ઈજા પહોચાડેલ હોય તે અંગેના કોઈ સારવાર ના સર્ટીફીકેટો આ કામે રજુ કરેલા નથી. તેઓ હાલ વેરાવળ રહે છે, તેઓ તેમના મમ્મીના મકાનમાં રહે છે, હાલમાં તેઓનું ભરણપોષણ તેઓના પિતા કરે છે, આ કામના સામાવાળા કડીયાકામ કરતા હોય તે અંગેના કોઇ દસ્તાવેજો તેઓએ રજુ કરેલા નથી. આ કામના સામાવાળા સાથે તેઓ ધરસંસાર ચલાવવા ગયેલ ત્યારે કરકરીયાવર અંગેના કોઇ દસ્તાવેજી પુરાવાઓ તથા કઈ કઈ વસ્તુ કરીયાવરમાં લઈ ગયેલી તે તેઓની અરજીમાં જણાવેલ નથી. આ કામના સામાવાળાની તેમના માતાપિતાની સારસંભાળ તથા ભરણપોષણની જવાબદારી રહેલી છે. તેઓએ સ્વેચ્છાએ જણાવે છે કે, સામાવાળાનો બીજો ભાઈ પણ છે. સગીર આસીફા કોઇ અભ્યાસ કરતી નથી. સગીર આસીફા કોઇ અભ્યાસ કરતી ન હોવા છતા તેની શાળાની ફી પણ સામાવાળા પાસેથી માંગેલી છે. તેઓએ સ્વેચ્છાએ જણાવે છે કે, તે ભણવા જાશે ત્યારે જરુર પડશે. ગુજરાતમાં સરકારી શાળાઓ પણ આવેલી છે. સરકારી

શાળામાં વીનામુલ્યે શીક્ષણ પ્રાપ્ત થાય છે.

(૯) સદરહુ અરજીના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આ કામના અરજદાર સામાવાળાના પત્ની હોવાની તથા અરજદાર હાલમાં આ કામના સામાવાળાઓ સાથે રહેતા ન હોવાની તેમજ સામાવાળાનાઓએ આજદિન સુધી અરજદારના ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ ન હોવાની હકીકત બિનતકરારી છે. સદરહુ અરજીના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો અરજદારે તેમની આંક–૧ ની અરજીમાં જે હકીકતો જણાવેલ છે અને જે તકરાર ઉપસ્થિત કરેલ છે તેને પુરવાર કરવા માટે અરજદારે આંક–૧૯ થી તેમની સોગંદ ઉપર જુબાની રજુ કરેલ છે. અરજદારે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી અરજદાર તેમની આંક–૧ ની અરજીમાં જણાવેલ હકીકતો પુરવાર કરવામાં અંશત: સફળ નીવડેલ છે. અરજદારે તેમની આંક–૧ ની અરજી ના સમર્થનમાં તેમનો જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું ખંડન કરતો કોઈપણ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં સામાવાળાઓ નિષ્ફળ નીવડેલ છે. અરજદારની આંક–૧ ની અરજી ના સમર્થનમાં તેમનો જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું ખંડન કરતો કોઈપણ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં સામાવાળાઓ નિષ્ફળ નીવડેલ છે.

(૧૦) અરજદારે જણાવેલ છે કે, આ કામના સામાવાળા નં. ૧ શરીરે સશકત અને મજબુત નિરોગી છે અને કોડીનાર મુકામે ઘરના મકાન આવેલ છે અને કોડીનાર મુકામે છુટક કડીયા કામ કરી મહિને રૂા.૩૦,૦૦૦/– જેટલી આવક મેળવે છે તેમજ બાં ધકામનું કોન્ટ્રાકટ રાખી માસિક રૂા.૧,૦૦,૦૦૦/– થી રૂા.૨,૫૦,૦૦૦/– જેટલુ કમાય છે, સામાવાળા નં. ૧ ને અરજદારો સીવાય અન્ય કોઈના ભરણપોષણની કોઈપણ જવાબદારી નથી. આ કામના સામાવાળા નં ૨ મહિને રૂા.૩૦,૦૦૦/– જેટલુ કમાય છે. સામાવાળા નં. ૪ કડીયા કામ કરે છે તથા રાજકોટ મુકામે નોકરી કરી માસિક રૂા.૨૦,૦૦૦/– જેટલુ કમાય છે. અરજદારના સાસરીના ઘરની બાજુમા ખેતીની જમીન આવેલી છે જે ભાગ્યામાં આપે છે જેની ઉપજમાંથી વાર્ષીક આવક રૂા.૫,૦૦,૦૦૦/– કમાય છે. અરજદાર કશુ કામ ધંધો કરતા નથી તેમજ મોંઘવારીના સમયમાં અરજદાર નં.૧

ને રૂા.૧૦,૦૦૦/- ભરણપોષણ માટે જરૂરીયાત છે તેમજ અરજદાર નં ૨. ને રૂા.૫૦૦૦/- ભરણપોષણની જરૂરીયાત છે અને મકાન ભાડા માટે માસિક રૂા.૫૦૦૦/- ની જરૂરીયાત ઉભી થાય છે જેથી માસિક રૂા.૨૦,૦૦૦/- અરજદારને સામાવાળા નં. ૧ સહેલાયથી ચુકવી શકે તેમ સક્ષમ છે. જો કે અરજદાર તરફે સામાવાળાની આવક અંગે ચોકકસ કોઈ આધાર પુરાવા રજુ કરેલા નથી. આ કામે સામાવાળા અને અરજદારની સ્થીતી તેમજ હકીકત તથા તેમના બાળકના ભરણપોષણ તેમજ સામાવાળાના શીરે તેમના પત્નીની જવાબદારી હોય, જે તમામ હકિકત ધ્યાને લેતા આ કામના અરજદાર નં. ૧ ને માસિક રૂા.૪,૦૦૦/- અને અરજદાર નં. ૨ ને માસિક રૂ.૧૦૦૦/- ભરણપોષણ પેટે અપાવવા યોગ્ય અને વ્યાજબી જણાય છે.

**(૧૦.૧)** વધુમાં, આ કામના અરજદારે પોતાની અરજીમાં કાયદાની કલમ-૧૯ (એફ) હેઠળ સામાવાળા પાસેથી અરજદારના વસવાટ માટે રૂ.૫,૦૦૦/- ભાડાની માંગણી કરેલ છે અને હાલ તેઓ તેમના મમ્મીના મકાનમા રહેતા હોવાનુ જણાવેલ છે. પરંતુ અરજદાર ભાડાના મકાનમા રહેતા હોય કે કોઈ માસીક ભાડુ ચુકવતા હોય તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી તેમજ અરજદારની ઉલટતપાસમાં પુરાવો ધ્યાને લેતા હાલ તેઓ તેમના મમ્મીને ત્યાં રહેતા હોય તેવુ જણાવેલ છે. આમ, અરજદાર ભાડે રહેતા હોય અને માસીક કોઈ ભાડુ ચુકવતા હોય તેવો કોઈ જ પુરાવો અરજદાર તરફે રજુ થયેલ નથી. આમ સદર કાયદાની જોગવાઈ અન્વયે ભાડુ ચુકવતા હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ ના હોય જેથી સદર કલમ અન્વયે કોઈ હુકમ કરવો ન્યાયોચિત જણાઈ આવતુ નથી.

**(૧૦.૨)** વધુમા આ કામે અરજદારે પોતાને માનસિક યાતના વળતર રૂ.ચાર લાખની માંગણી કરેલ છે, પંરંતુ અરજદાર તરફે તે બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો રજુ રાખેલ નથી તેવી પણ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. પંરંતુ અરજદાર તરફે રજુ થયેલ મૌખીક પુરાવાનુ મૂલ્યાંકન કરતા શરૂઆતના સમયગાળા દરમ્યાન સારુ રાખ્યા બાદમાં તેમને શારીરીક અને માનસીક ત્રાસ આપતા હતા. આમ, અરજદારને આજદીન સુધી સામાવાળા તરફથી માનસીક ત્રાસ સહન કરેલ છે. જો કે માનસીક ત્રાસ અંગેનુ નાણાંકીય મૂલ્યાંકન આંકી શકાય નહી તેમ છતા અરજદારે જે મુંગા મોઢે માનસીક યાતના વેઠેલ છે તે અંગે વળતર આપવાનુ ઉચીત જણાઈ આવે છે ત્યારે સામાવાળાની આર્થીક પરીસ્થીત

પણ ધ્યાને લેવી જરૂરી જણાઈ છે. આમ, તમામ સંજોગોમાં અરજદારને માનસીક યાતના પેટે રૂ. ૨૫,૦૦૦/- અલગથી ચુકવવાનો હુકમા કરવો ઉચીત જણાઈ આવે છે.

**(૧૦.૩)** આમ, સદરહુ અરજીના કામે પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના Rajnesh Vs. Neha and Anr-(Supra) ના કેસમાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે Vanitaben Naranbhai And Ors. vs Naranbhai Raghavbhai Makwana -(Supra) અને Hetalben D/o Ashokbhai Prajapati Vs. Hiteshbhai Sureshbhal Prajapati & 1 Others-(Supra) ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ ઉપર વિસ્તૃત ચર્ચા કર્યા મુજબ અરજદાર આ કામના સામાવાળાઓ પાસેથી હાલની અરજીમાં માંગ્ય મુજબની દાદ મેળવવા હક્કદાર છે. વધુમાં સદરહુ અરજીના કામે પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાથી આ કામના સામાવાળા પાસે આવકના પુરતા સાધનો હોવા છતાં હાલની અરજી દાખલ કર્યા બાદ આજદિન સુધી તેમના ભરણ પોષણની કોઈ વ્યવસ્થા કરેલ ન હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થયેલ છે. ઉપરના એકંદર સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ "હકારમાં" આપી તથા મુદ્દા નં. ૨ નો જવાબ "અંશત: હકાર" આપી મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આથી અરજદારની હાલની અરજી અંશત: મંજૂર કરવા હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાને આદેશ કરવામાં આવે છે કે, અરજદારોને કલમ અધીનિયમ-૨૦ મુજબ ભરણપોષણ પેટે અરજદાર નં. ૧ ને માસીક રૂ. ૪,૦૦૦/- ( અંકે રૂપિયા ચાર હજાર પુરા) તેમજ અરજદાર નં. ૨ ને માસીક રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) એમ કુલ મળી રૂા.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) અરજી કર્યાની તારીખથી દર માસે નિયમીત રીતે ચડયે ચડયા ચુકવી આપવા.

(૩) આ કામના સામાવાળાએ અરજદારને માનસિક શારીરિક ત્રાસના વળતર

પેટે રૂા. ૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) હુકમ તારીખ થી એક માસમાં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૪) સામાવાળાઓએ અરજદારને શારીરિક માનસિક ત્રાસ થાય તેવું કૃત્ય કરવું, કરાવવું નહીં તેમજ કૌટુંબિક હિંસા આચરવી નહીં.

(૫) સામાવાળા નં. ૧ નાએ અરજી ખર્ચના રૂા.૩,૦૦૦/– અરજદારને ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૬) અરજદાર તેમની અરજીમા માંગ્યા મુજબની ઉપરોકત દાદ સીવાય અન્ય કોઈ દાદ મેળવવા હકદાર બનતા નથી.

(૭) સામાવાળાઓ જે પોલીસ સ્ટેશનની હકૂમતમાં રહેતા હોય તે પોલીસ સ્ટેશનમાં હુકમ અંગેની જાણ કરવી.

(૮) આ હુકમની એક ખરી નકલ અરજદારને વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૨[મી], માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : વેરાવળ.
તારીખ : ૧૨/૦૬/૨૦૨૬

**(જયશ્રી દિપકકુમાર અમીન)**
એડીશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
વેરાવળ.
(કોડ નં. જીજે૦૦૯૦૫)